નમૂનો–૧

અગ્રતા ક્રમ **૧૨**

વિભાગ:- મહેસૂલ વિભાગ

તારાંકિત પ્રશ્ન :- *૧૫/૪/૭૫૧

૧૫ મી ગુજરાત વિધાનસભા ચોથું સત્ર

વિધાનસભામાં જવાબ આપવાની તારીખ : ૧૪.૦૨.૨૦૨૪

પ્રશ્નનું શિર્ષક:- અમદાવાદ જિલ્લામાં બીન ખેતી માટે મળેલ અરજીઓ

પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ અને તેમનો મત વિસ્તાર :-

શ્રી હર્ષદભાઈ રણછોડભાઈ પટેલ (સાબરમતી)

# અનુક્રમણિકા


| ક્રમ નં | વિગત | મુખ્ય પેજ |
|---|---|---|
| મૂળ પ્રશ્ન | અમદાવાદ જિલ્લામાં બીન ખેતી માટે મળેલ અરજીઓ | |
| જવાબ | માન. મંત્રીશ્રી (ઉદ્યોગ) દ્વારા મંજૂર થયેલ જવાબ | |
| | પ્રશ્નનું મુખ્ય હાર્દ/સરકારશ્રીની નીતિ | |
| | પૂરક માહિતી | પેટા પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ |
| પ્રશ્ન–૧ | બિનખેતી પરવાનગી સબંધિત કાર્યપદ્ધતિ સમગ્ર રાજયમાં કયારથી ઓનલાઇન કરવામાં આવેલ છે? | શ્રી હર્ષદભાઇ પટેલ (સાબરમતી) |
| પ્રશ્ન–૨ | બિનખેતી પરવાનગી આપવાની વૈધાનિક સમયમર્યાદા કેટલી છે ? | શ્રી હર્ષદભાઇ પટેલ (સાબરમતી) |
| પ્રશ્ન–૩ | બિનખેતી પરવાનગીની અરજી સાથે અરજદારશ્રી દ્વારા ક્યાં-ક્યાં આધારપુરાવા/ દસ્તાવેજો જોડવાના રહે છે? | શ્રીમતી પાયલબેન કુકરાણી (નરોડા) |
| પ્રશ્ન–૪ | બિનખેતી પરવાનગી માટે વસુલવામાં આવતી પ્રોસેસ ફી કયા દરે વસૂલવામાં આવે છે? તથા એકવાર દફતરે કરેલ બિનખેતી પરવાનગીની અરજી પુન: કરવામાં આવે ત્યારે કેટલી પ્રોસેસ ફી વસૂલવામાં આવે છે? | શ્રીમતી પાયલબેન કુકરાણી (નરોડા) |
| પ્રશ્ન–૫ | બિનખેતી પરવાનગીના નાણાં ભરપાઇ કરવાની જાણ થયા બાદ કેટલી સમયમર્યાદામાં તે ભરપાઇ કરવાના રહે છે? | શ્રી કિરીટસિંહ ડાભી (ધોળકા) |
| પ્રશ્ન–૬ | પ્રોસેસ ફી કયા મોડમાં જમા કરાવી શકાય છે? | શ્રી કિરીટસિંહ ડાભી (ધોળકા) |

# અમદાવાદ જિલ્લામાં બીન ખેતી માટે મળેલ અરજીઓ

તારાંકિત પ્રશ્ન | ક્રમાંકઃ પ્ર/

## ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/751

વિષય:

અમદાવાદ જિલ્લામાં બીન ખેતી માટે મળેલ અરજીઓ

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઈન જવાબ મોકલાવવાની છેલ્લી તારીખ | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 10/01/2024 | 08/02/2024 | 24/01/2024 |

*15/4/751 શ્રી હર્ષદભાઇ રણછોડભાઇ પટેલ(સાબરમતી)

મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન જણાવવા કૃપા કરશે કે:-

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

૧) તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં બિન ખેતી માટેની પરવાનગી માગતી કેટલી અરજીઓ મળેલ છે, અને

૨) ઉક્ત સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર બિન-ખેતી માટેની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી ?

----

મુખ્ય પેજ પર જાઓ

# માન. મંત્રીશ્રી (ઉદ્યોગ) દ્વારા મંજૂર થયેલ જવાબ

Letter No: RD/1963/01/2024 Dt: 01-02-2024

અમદાવાદ જિલ્લામાં બીન ખેતી માટે મળેલ અરજીઓ

**: 15/4/751*શ્રી હર્ષદભાઈ રણછોડભાઈ પટેલ (સાબરમતી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં બિન ખેતી માટેની પરવાનગી માગતી કેટલી અરજીઓ મળેલ છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં જમીન મહેસુલ કાયદાની કલમ -૬૫ હેઠળ બિન ખેતી માટેની પરવાનગી માગતી કુલ ૧૨૬૫૦ અરજીઓ મળેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર બિન-ખેતી માટેની કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી? | (૨) |

| તાલુકો | બિનખેતી માટે મજુર થયેલ અરજીઓ |
|---|---|
| વેજલપુર | ૨૯૪ |
| સાણંદ | ૨૩૧૮ |
| ઘાટલોડીયા | ૯૪૧ |
| દશક્રોઈ | ૧૮૫૮ |
| માંડલ | ૧૭૧ |
| વટવા | ૪૨૩ |
| ધોલેરા | ૪૯૩ |
| બાવળા | ૫૬૮ |
| ધોળકા | ૩૫૮ |
| વિરમગામ | ૧૫૨ |
| અસારવા | ૧૪૮ |
| સાબરમતી | ૧૩૧ |
| ધંધુકા | ૮૭ |
| દેત્રોજ-રામપુરા | ૪૩ |
| મણિનગર | ૩૧ |

કુલ - ૮૦૧૬ અરજીઓ (આઠ હજાર સોળ)

---

ઓનલાઈન જવાબ મોકલવાની છેલ્લી તારીખ: ૦૮/૦૨/૨૦૨૪

ક્રRD/MSC/e-file/15/2024/1150/A (Land)

મહેસૂલ વિભાગ

સચિવાલયગાંધીનગર.

તા. /૦૨/૨૦૨૪

પ્રતિ,

સચિવશ્રી,

ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર તરફ તારાંકિત પ્રશ્ન ક્રમાંક:15/4/751 અન્વયે.

(ડી.આર.ભમ્મર)

સંયુક્ત સચિવ

મહેસૂલ વિભાગ

નકલ રવાના:

- સેક્શન અધિકારી, બ-૧ શાખા, મહેસૂલ વિભાગ, ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઈલ.

Signature Not Verified
Signed by: D R Bhammar
Joint Secretary
Date: 2024.02.02
14:38:10 +05:30

File No: RD/MSC/e-file/15/2024/1150/A (Land)
Approved By: Minister,Minister Office-IMD,IMD
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

2024.02.09 17:

મુખ્ય પેજ પર જાઓ

## હાઇ: સરકારશ્રીની નીતિ

ઓનલાઇન ટેકનોલોજીના માધ્યમથી અરજદારોને પડતી મુશ્કેલીઓના નિવારણ માટે મહેસૂલ વિભાગના તા.૧૨/૧૨/૨૦૧૮ના પરિપત્ર દ્વારા બિનખેતી પરવાનગી સબંધિત કાર્યપધ્ધતિ સમગ્ર રાજ્યમાં ઓનલાઇન કરવામાં આવેલ છે. આ પરિપત્રથી ઓનલાઇન અરજી, સ્વઘોષણાપત્ર, પ્રક્રિયા ફી, પુર્વ ચકાસણીની કામગીરી,ઓનલાઇન અભિપ્રાય, મહેસૂલી ટાઇટલની ચકાસણી તથા ઓનલાઇન પેમેન્ટ સબંધિત જોગવાઇઓ કરવામાં આવેલ છે.

બિનખેતી પરવાનગીની સમગ્ર પ્રક્રિયા ૯૦ દિવસની વૈધાનિક મર્યાદામાં પુરી કરવાની રહે છે. અરજી ના-મંજૂર/દફતરે કરવાના કિસ્સામાં લેખિતમાં ઓનલાઇન જાણ કરવાની રહે છે. બિનખેતી પરવાનગીની મંજૂરીના કિસ્સામાં નિયમાનુસાર નાણા ભરપાઇ કરવાની જાણ અરજદારશ્રીને ઓનલાઇન ઇ-મેઇલ / એસ.એમ.એસ.થી કરવાની રહે છે. તદઅન્વ્યે અરજદારશ્રી દ્વારા આ નાણા દિન-૫૦માં ભરપાઇ કરવાના રહે છે. ટ્રેઝરી દ્વારા નાણા ભરપાઇ થયાની ખરાઇ થયેથી કલેકટરશ્રી દ્વારા વિધિસરનો હુકમ કરવાનો રહે છે.

મહેસૂલ વિભાગના પરિપત્રથી સુધારો કરવામાં આવેલ છે કે, એકવાર દફતરે કરેલ અરજીના કિસ્સામાં અરજદારશ્રી દ્વારા  એકજ ઇ-મેઇલ/ મોબાઇલ નંબર પરથી પુન: અરજી કરવામાં આવે ત્યારે પ્રોસેસ ફી ૦.૫૦ પ્રતિ ચો.મી. ને બદલે ૦.૧૦ પૈસા પ્રતિ ચો.મી. લેખે વસૂલવાના રહેશે.

મહેસૂલ વિભાગે નાગરિકોને તમામ મહેસૂલી સેવાઓ ઝડપી અને પારદર્શક રીતે મળે તેની કાળજી લીધેલ છે. આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના 'ડિજિટલ ઈન્ડિયા' ના વિઝન મુજબ રાજ્યમાં મહેસૂલી સેવાઓને ઓનલાઈન, અદ્યતન તથા પારદર્શક બનાવવા અંગે ઉત્કૃષ્ટ કામગીરી મહેસૂલ વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે.

મુખ્ય પેજ પર જાઓ

## પૂરક નોંધ

અમદાવાદ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બિનખેતી માટેની પરવાનગી માગતી બાબતની કુલ–૧૨૬૫૦ ઓનલાઈન અરજીઓ મળેલ છે અને તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કુલ ૮૦૧૬ અરજીઓ મંજુર કરવામાં આવેલ છે. તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ બિનખેતી માટેની પરવાનગી  અરજીઓ પૈકી હાલની સ્થિતિએ એકપણ અરજીઓ પડતર નથી.

| મળેલી અરજીઓ | મંજુર અરજી | ના–મંજુર અરજી | કુલ નિકાલ |
|---|---|---|---|
| ૧૨૬૫૦ | ૮૦૧૬ | ૪૬૩૪ | ૧૨૬૫૦ |

**આઇ.ઓ.આર.એ. પોર્ટલ :  ડિજિટલ ગુજરાતની દિશામાં મહેસૂલ વિભાગનું ક્રાંતિકારી કદમ**

રાજ્યના નાગરિકોને ઘરે બેઠા સરળતાથી સેવાઓ પુરી પાડવા ડિજિટલ ગુજરાતની દિશામાં મહેસૂલ વિભાગે અનેક નક્કર કદમ ઉઠાવ્યા છે. રાજ્ય સરકાર દ્વારા ટેક્નોલોજીના ઉપયોગ થકી નાગરિકો કર્મચારી સાથે સીધા સંપર્ક વિના સેવાઓ મેળવી શકે તે માટે જનહિત લક્ષી વિવિધ મહેસૂલી સેવાઓને ઓનલાઈન કરી સરળ, ઝડપી અને પારદર્શી કરવામાં આવી છે. ખૂબજ ટુંકા ગાળામાં વિવિધ મહેસૂલી સેવાઓને આઇ.ઓ.આર.એ. પોર્ટલ પર ઓનલાઈન કરી, સેવાઓનું ફેસલેસ પધ્ધતિથી અમલીકરણ થઈ રહ્યું છે. જેમાં હયાતીમાં હક્કદાખલ નોંધ, ડીજીટલી સીલ્ડ પ્રોપર્ટીકાર્ડની નકલ, ડીજીટલી સાઇન્ડ દસ્તાવેજની પ્રમાણિત નકલ, કલમ–૭૩એએ હેઠળ પરવાનગી, ખેડૂત ખરાઈ પ્રમાણપત્ર, વારસાઈ, જમીન માપણી, પ્રીમીયન તથા બિનખેતી પરવાનગી બાબતની વિવિધ સેવાઓ સામેલ છે.

સેન્ટ્રલ પી.એસ.ઓ. યુનિટ, સચિવાલય, ગાંધીનગર દ્વારા અરજીની પૂર્વ ચકાસણી કરી અરજી હેઠળની વિગતો અને મહેસૂલ રેકર્ડ ચકાસી અરજીને નીચે દર્શાવ્યા અનુસાર સમયમર્યાદામાં વર્ગીકૃત કરે છે.

| ચેનલ | અરજી નિકાલ સમયમર્યાદા |
|---|---|
| ગ્રીન ચેનલ | ૧૦ દિવસ |
| યલો ચેનલ | ૪૫ દિવસ |
| રેડ ચેનલ | ૯૦ દિવસ |

**અરજી નામંજૂર થવાના કારણો :**

(૧) અરજદારશ્રી દ્ધારા કરવામાં આવેલ અરજીઓ અધૂરી વિગતે રજૂ થયેલ હોવાથી,

(૨) જરૂરી આધાર પૂરાવા રજૂ કરેલ ન હોઇ,

(૩) અરજદારશ્રી દ્ધારા અરજીનો પ્રકાર ખોટો સિલેક્ટ કરેલ હોવાથી,

(૩) અરજી તથા સ્વઘોષણા પત્ર નિયત સમયમર્યાદામાં રજૂ કરેલ ન હોઇ,

(૪) સંબંધિત કચેરીઓ દ્ધારા નકારાત્મક અભિપ્રાય આપેલ હોવાથી,

(૫) નવી શરતની જમીન જુની શરતમાં ફેરવેલ ન હોવાથી,

(૬) આઇ.ઓ.આર.એ. માં અરજી કર્યા બાદ ઇ– ધરામાં કાચી નોંધ દાખલ થયેલ હોવાથી ટેકનીકલ કારણોસર

(૭) મહેસૂલી ટાઇટલ ક્લીયર ન હોવાથી

| DT.01/01/2022 TO DT.31/12/2022<br>કલમ-૬૫ | | | | | |
|---|---|---|---|---|---|
| અ.નં. | તાલુકાનું નામ | મળેલ | પોઝીટીવ | નેગેટીવ | ટોટલ નિકાલ (પોઝીટીવ + નેગેટીવ) |
| 1 | વેજલપુર | 248 | 131 | 117 | 248 |
| 2 | સાણંદ | 1570 | 900 | 670 | 1570 |
| 3 | ઘાટલોડીયા | 609 | 370 | 239 | 609 |
| 4 | દશક્રોઈ | 1432 | 877 | 555 | 1432 |
| 5 | માંડલ | 144 | 69 | 75 | 144 |
| 6 | વટવા | 371 | 184 | 187 | 371 |
| 7 | ધોલેરા | 365 | 235 | 130 | 365 |
| 8 | બાવળા | 319 | 213 | 106 | 319 |
| 9 | ધોળકા | 241 | 145 | 96 | 241 |
| 10 | વિરમગામ | 90 | 52 | 38 | 90 |
| 11 | અસારવા | 117 | 60 | 57 | 117 |
| 12 | સાબરમતી | 109 | 58 | 51 | 109 |
| 13 | ધંધુકા | 53 | 25 | 28 | 53 |
| 14 | દેત્રોજ-રામપુરા | 58 | 15 | 43 | 58 |
| 15 | મણિનગર | 47 | 14 | 33 | 47 |
| **TOTAL** | | **5773** | **3348** | **2425** | **5773** |

| DT.01/01/2023 TO DT.31/12/2023<br>કલમ-૬૫ | | | | | |
|---|---|---|---|---|---|
| અ.નં. | તાલુકાનું નામ | મળેલ | પોઝીટીવ | નેગેટીવ | ટોટલ નિકાલ (પોઝીટીવ + નેગેટીવ) |
| 1 | વેજલપુર | 275 | 163 | 112 | 275 |
| 2 | સાણંદ | 2021 | 1418 | 603 | 2021 |
| 3 | ઘાટલોડીયા | 796 | 571 | 225 | 796 |
| 4 | દશક્રોઈ | 1405 | 981 | 424 | 1405 |
| 5 | માંડલ | 147 | 102 | 45 | 147 |
| 6 | વટવા | 394 | 239 | 155 | 394 |
| 7 | ધોલેરા | 383 | 258 | 125 | 383 |
| 8 | બાવળા | 485 | 355 | 130 | 485 |
| 9 | ધોળકા | 329 | 213 | 116 | 329 |
| 10 | વિરમગામ | 170 | 100 | 70 | 170 |
| 11 | અસારવા | 144 | 88 | 56 | 144 |
| 12 | સાબરમતી | 132 | 73 | 59 | 132 |
| 13 | ધંધુકા | 87 | 62 | 25 | 87 |
| 14 | દેત્રોજ-રામપુરા | 59 | 28 | 31 | 59 |
| 15 | મણિનગર | 50 | 17 | 33 | 50 |
| **TOTAL** | | **6877** | **4668** | **2209** | **6877** |

મુખ્ય પેજ પર જાઓ

અગ્રતા ક્રમ :૧૨

વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૭૫૧

અમદાવાદ જિલ્લામાં બીન ખેતી માટે મળેલ અરજીઓ

**પેટા પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી હર્ષદભાઈ પટેલ (સાબરમતી)**

| | |
|---|---|
| પ્રશ્ન ૧ | બિનખેતી પરવાનગી સબંધિત કાર્યપદ્ધતિ સમગ્ર રાજયમાં કયારથી ઓનલાઇન કરવામાં આવેલ છે? |
| જવાબ | રાજ્યમાં ડીજીટલ ટેકનોલોજીના માધ્યમથી નાગરિકો કર્મચારી સાથે સીધા સંપર્ક વિના સેવાઓ મેળવી શકે તથા છેવાડાના માનવી સુધી સેવાઓ પહોચે તે માટે વિવિધ મહેસૂલી સેવાઓને આઇ.ઓ.આર.એ. પોર્ટલ પર ઓનલાઈન કરી સરળ, ઝડપી અને પારદર્શી કરવામાં આવેલ છે. બિનખેતી પરવાનગી સબંધિત કાર્યપદ્ધતિ મહેસૂલ વિભાગના તા.૧૨/૧૨/૨૦૧૮ના પરિપત્રથી સમગ્ર રાજયમાં ઓનલાઈન કરવામાં આવેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ

અગ્રતા ક્રમ :૧૨

વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૭૫૧

અમદાવાદ જિલ્લામાં બીન ખેતી માટે મળેલ અરજીઓ

**પેટા પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી હર્ષદભાઈ પટેલ (સાબરમતી)**

| પ્રશ્ન ૨ | બિનખેતી પરવાનગી આપવાની વૈધાનિક સમયમર્યાદા કેટલી છે ? |
|---|---|
| જવાબ | બિનખેતી પરવાનગી આપવાની વૈધાનિક સમયમર્યાદા ૯૦ દિવસની છે . પરંતુ સેન્ટ્રલ પી.એસ.ઓ. યુનિટ, સચિવાલય, ગાંધીનગર દ્વારા અરજીની પૂર્વ ચકાસણી કરી અરજી હેઠળની વિગતો અને મહેસૂલ રેકર્ડ ચકાસી અરજીને નીચે દર્શાવ્યા અનુસાર સમયમર્યાદામાં નિકાલ કરવામાં આવે છે. |

| ચેનલ | અરજી નિકાલ સમયમર્યાદા |
|---|---|
| ગ્રીન ચેનલ | ૧૦ દિવસ |
| યલો ચેનલ | ૪૫ દિવસ |
| રેડ ચેનલ | ૯૦ દિવસ |

મુખ્ય પેજ પર જાઓ

અગ્રતા ક્રમ :૧૨

વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૭૫૧

અમદાવાદ જિલ્લામાં બીન ખેતી માટે મળેલ અરજીઓ

**પેટા પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રી શ્રીમતી પાયલબેન કુકરાણી (નરોડા)**

| | |
|---|---|
| પ્રશ્ન ૩ | બિનખેતી પરવાનગીની અરજી સાથે અરજદારશ્રી દ્વારા કયા-કયા આધારપુરાવા/ દસ્તાવેજો જોડવાના રહે છે? |
| જવાબ | બિનખેતી પરવાનગીની અરજી સાથે અરજદારશ્રી દ્વારા માત્ર નિયત નમૂનામાં અરજી અને સ્વઘોષણાપત્ર જોડવાના રહે છે. |

મુખ્ય પેજ પર જાઓ

અગ્રતા ક્રમ :૧૨

વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૭૫૧

અમદાવાદ જિલ્લામાં બીન ખેતી માટે મળેલ અરજીઓ

**પેટા પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રી શ્રીમતી પાયલબેન કુકરાણી (નરોડા)**

| | |
|---|---|
| પ્રશ્ન ૪ | બિનખેતી પરવાનગી માટે વસુલવામાં આવતી પ્રોસેસ ફી કયા દરે વસૂલવામાં આવે છે? તથા એકવાર દફતરે કરેલ બિનખેતી પરવાનગીની અરજી પુન: કરવામાં આવે ત્યારે કેટલી પ્રોસેસ ફી વસૂલવામાં આવે છે? |
| જવાબ | બિનખેતી પરવાનગી માંગણીવાળી જમીનના ક્ષેત્રફળ આધારિત ૫૦ પૈસા પ્રતિ ચો.મી. ના દરે પ્રોસેસ ફી વસુલવામાં આવે છે. તથા એકવાર દફતરે કરેલ બિનખેતી પરવાનગીની અરજી પુન: કરવામાં આવે ત્યારે ક્ષેત્રફળ આધારિત ૧૦ પૈસા પ્રતિ ચો.મી. ના દરે પ્રોસેસ ફી વસુલવામાં આવે છે. અરજદાર પક્ષે કોઈ ક્ષતિ ન હોય પરંતુ ટેકનીકલ કારણોસર અરજી દફતરે થયેલ હોય તો તે અરજી પુન: રજૂ કરવામાં આવે તો કોઈ પ્રોસેસ ફી વસુલવાની રહેતી નથી. |

મુખ્ય પેજ પર જાઓ

અગ્રતા ક્રમ :૧૨

વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૭૫૧

અમદાવાદ જિલ્લામાં બીન ખેતી માટે મળેલ અરજીઓ

**પેટા પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી શ્રી કિરીટસિંહ ડાભી (ધોળકા)**

| | |
|---|---|
| પ્રશ્ન ૫ | બિનખેતી પરવાનગીના નાણાં ભરપાઇ કરવાની જાણ થયા બાદ કેટલી સમયમર્યાદામાં તે ભરપાઇ કરવાના રહે છે? |
| જવાબ | બિનખેતી પરવાનગીના નાણાં ૫૦ દિવસ ની સમયમર્યાદામાં ભરપાઇ કરવાના રહે છે. |

મુખ્ય પેજ પર જાઓ

અગ્રતા ક્રમ :૧૨

વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૭૫૧

અમદાવાદ જિલ્લામાં બીન ખેતી માટે મળેલ અરજીઓ

**પેટા પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી શ્રી કિરીટસિંહ ડાભી (ધોળકા)**

| | |
|---|---|
| પ્રશ્ન ૬ | પ્રોસેસ ફી કયા મોડમાં જમા કરાવી શકાય છે? |
| જવાબ | ડેબીટ કાર્ડ , ક્રેડીટ કાર્ડ, નેટ બેન્કિંગથી પ્રોસેસ-ફી જમા કરાવી શકાય છે. |

મુખ્ય પેજ પર જાઓ